# પાટનગરમાં ભૂવા અને ખાડાનું સામ્રાજય

## શહેરના હાલ બેહાલ : માર્ગો ઘસાયા અને ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકોમાં હાલાકી : ભૂવાનગરીના ખાડાઓ પૂરવાની કામગીરી કરવાની લોકમાંગણી ઉઠી

ગાંધીનગર, તા. ૧૨

પાટનગરમાં ભૂવાઓ પડવાનુ યથાવત છે. શહેરમાં મસમોટા ભૂવાઓ અને ખાડાઓ દૃશ્યમાન થઈ રહ્યા છે.

આ વર્ષે તો શહેરમાં રેકોર્ડ નોંધાય તેવું લાગી રહ્યું છે. ઠેર ઠેર ખાડાઓ અને ભૂવાઓએ શહેરના માર્ગોની હાલત કફોડી કરી મુકી છે. જેમાં શહેરીજનો પરેશાન બન્યા છે.

માર્ગો પર ખાડારાજના કારણે વાહનચાલકોને પોતાનું વાહન આવા માર્ગો ઉપરથી લઈ જવું જોખમ સ્વરૂપ લાગી રહ્યું છે. ઉપરાંત ખાડાઓ અને ભૂવાઓ રાત્રીના સમયમાં અકસ્માત નોતરી શકે છે તેથી શહેરીજનોમાં ભયનો પણ માહોલ છે. જો કે દર વર્ષે માર્ગો પર વરસાદના કારણે ધોવાણ યથાવત રહેતુ આવ્યું છે.

જે જવાબદાર તંત્રની કામગીરી પર પ્રશ્નો ઉભા કરે છે. દર વર્ષે ખાડાઓ અને ભુવાઓ પડવા પાછળ ક્યાંકને ક્યાંક અધિકારીઓની મીલીભગત પણ છતી કરી રહ્યું છે.

માર્ગો પર યોગ્ય રીતે કામગીરી ન થવાના કારણે દર વર્ષે શહેરના માર્ગો પર ભૂવાઓ અને ખાડાઓનું સામ્રાજય જોવા મળી રહ્યું છે.





શહેરીજનો આ સામ્રાજ્યના કારણે રોષે ભરાયા છે. માર્ગો ઉપર ટુવ્હીલર ચાલકોને ઘણી હાલાકી ભોગવવી પડી રહી છે. માર્ગોના ધોવાણથી ધૂળની ડમરીઓ ઉડવાથી ટુ વ્હીલર ચાલકોની આંખોને ગંભીર ઈજાઓ પહોંચી રહી છે. તાજેતરમાં જ વરસાદને પગલે ઘ-રોડ સિવિલ હોસ્પિટલના ગેટ પાસે ભૂવો પડ્યો હતો. શહેરના મુખ્ય માર્ગ ગણાતા ઘ-માર્ગ ઉપર ભૂવાને પગલે અકસ્માતનુ જોખમ પણ વધ્યું હતું. જોકે આ અંગે જાણ કરાતાં પાટનગર યોજના વિભાગ દ્વારા તાત્કાલિક ભૂવો પુરવાની કામગીરી કરાઈ હતી.

ઉલ્લેખનીય છે કે અગાઉ ચ-૦ થી ઘ-૦ તરફ જવાના માર્ગ પર, સે. ૭/૮ પાસે, ચ-માર્ગ પરથી સેક્ટર-૭ તરફ જતા માર્ગે, ઘ-૨ પાસે, એલડીઆરપી નજીક સહિત અનેક સ્થળે ભૂવા પડવાના બનાવો બની ચુક્યા છે.

શહેરમાં ભારે વરસાદ પડ્યા બાદ રસ્તા પર ખાડા છે કે ખાડામાં રસ્તા એનો ખ્યાલ જ આવતો નથી. દર વર્ષે વરસાદ વિકાસની પોલ ખોલી નાખે છે. ખાડાઓને કારણે અનેક નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે. તો ઘણા ઈજાનો ભોગ બને છે. પરંતુ તંત્રના પેટનું પાણી પણ હાલતુ નથી.

# સે.ઉન્યુ ખાતે પીએમ-જય કાર્ડ અને મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેક્ટર-ઉન્યુ ખાતે તા.૧૧મી સપ્ટેમ્બર રવિવારે સરકારી આયુર્વેદિક દવાખાને નવા પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ કાઢવાનો તેમજ કાર્ડ સુધારણા અંગેનો મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવ્યો હતો.

કેમ્પમાં વોર્ડ નં.૯ના ચારેય સ્થાનિક કોર્પોરેટરો તથા બ્રહ્મસમાજના શહેર પ્રમુખ સુનિલ ત્રિવેદી, સેક્ટર વસાહત પ્રમુખ જયેશભાઈ આગજા સહિત સેક્ટરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કેમ્પમાં મેડિકલ ઓફિસર ડો. હર્ષદ રાઠોડની દેખરેખ હેઠળ ૧૫૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો.

પીએમ જય કાર્ડના કેમ્પ સાથે જ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો જેમાં પણ મોટી સંખ્યામાં વસાહતીઓએ ઘર આંગણે સરકારી સેવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે વોર્ડ કોર્પોરેટરોએ સેક્ટરમાં નવીન પેવર કામનું નિરીક્ષણ કર્યું હતું અને સેક્ટરના પડતર પ્રશ્નોનો ત્વરિત ઉકેલ લાવી આપવાની ખાતરી આપી હતી.

# સે.૧ ઉબી વસાહત મંડળના નવા હોદ્દેદરોની વરણી કરાઈ





ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં નવરાત્રીની રંગેચંગે ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. શહેરમાં વિવિધ સેક્ટરોમાં નવરાત્રી સમિતિની રચના અને બેઠકો યોજાઈ રહી છે. શહેરના સેક્ટર-૧ ઉબી વસાહત મંડળની તાજેતરમાં યોજાયેલ સામાન્ય સભામાં નવા હોદ્દેદરોની વરણી કરવામાં આવી હતી. નવા નિમાયેલા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ભરતભાઈ વી. સોની, મંત્રી તરીકે શ્રી ભરતભાઈ એચ પટેલ, ઉપપ્રમુખ તરીકે જયેશભાઇ પંડ્યા અને ગણપતસિંહ રાજ તેમજ ખજાનચી તરીકે એડવોકેટ રાજુભાઈ જાનીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં આગામી નવરાત્રી મહોત્સવનું પારંપરિક રીતે શેરી ગરબા દ્વારા ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

# નિફ્ટ ગાંધીનગર ખાતે 'અહેલી ખાદી' પ્રદર્શન - ફેશન શો યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી ખાતે ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનને સમર્થન આપવા માટે એમએસએમઈ મંત્રાલય દ્વારા ખાદી માટે સેન્ટર ઑફ એક્સેલન્સ અંતર્ગત પ્રદર્શન અને ફેશન શો 'અહેલી ખાદી'નું આયોજન કરાયું હતું. 'અહેલી' એટલે કે શુદ્ધ કે જે વાસ્તવિક ખાદી પૂરી પાડવા માટે સીઓઈકેની શોધમાંથી ઉદ્દભવ્યું છે, જે ખાદી સંસ્થાઓ પાસેથી સીધા જ પેઢીના ગ્રાહકો માટે ડિઝાઈન કરવા માટે પ્રાપ્ત થાય છે. સીઓઈકે ડિઝાઈનરોએ એથનિક, ફ્યુઝન, વેસ્ટર્ન અને કેઝ્યુઅલ લુકથી માંડીને વસ્ત્રો અને સાડીઓના છ અલગ-અલગ કલેક્શન ડિઝાઈન કર્યા છે. ઉત્કૃષ્ટ ખાદીમાં મૂલ્યવર્ધન માટે હેન્ડ એમ્બ્રોઈડરી, સ્ટીચ ડિટેલિંગ અને હેન્ડ બ્લોક પ્રિન્ટિંગનો ઉપયોગ કરવામાં




આવ્યો છે. ખાદીને વૈશ્વિક સ્તરે સ્થાન આપવા માટે ભારતીય હસ્તકલાને આંતરરાષ્ટ્રીય દેખાવ સાથે જોડીને વિવિધ વજનના ખાદી કાપડ અને યાર્ન સાથે હોમ લિનન કલેક્શન ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ ઉત્પાદનોમાં વસ્ત્રો, કુશન કવર, રનર્સ અને ટેબલ લેનિનનો સમાવેશ થાય છે. સીઓઈકેનો ઉદ્દેશ્ય ખાદીને સંબંધિત, ઉચ્ચ ડિઝાઈન સ્તરે પ્રમોટ કરવાનો અને પિચ કરવાનો છે, તે ઘર અને વસ્ત્રોના ક્ષેત્રમાં બિન-બાયોડિગ્રેડેબલ બિનટકાઉ ઉત્પાદનને બદલવા માટે પર્યાવરણીય રીતે ટકાઉ ફેબ્રિક તરીકે ખાદીના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માંગે છે. નિફ્ટ ગાંધીનગર ખાતે યોજાયેલા 'અહેલી ખાદી' પ્રદર્શન અને ફેશન શો દરમ્યાન નિફ્ટના વિદ્યાર્થીઓએ ભાગ લઈને ખાદીના વિવિધ ફેશનેબલ કલેક્શન પ્રસ્તુત કર્યા હતા.



# ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં અગ્રેસર ડબલ એન્જિન સરકાર



એક સ્વસ્થ અને તંદુરસ્ત સમાજ વિકસિત રાજ્ય અને વિકસિત દેશનું નિર્માણ કરે છે. તમામ નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ સરળતાથી મળી રહે તે માટે એક મજબૂત આરોગ્ય માળખાનો વિકાસ ખૂબ આવશ્યક છે. ગુજરાતમાં તમામ નાગરિકોને પ્રાથમિક તેમજ ઉચ્ચ સ્તરીય આરોગ્ય સુવિધાઓ તેમના ઘર આંગણે મળી શકે તે માટે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આરોગ્ય અને તબીબી સુવિધાઓનું એક વિશાળ માળખું ઊભું કર્યું છે. ખાસ કરીને રાજ્યના ગ્રામ્ય વિસ્તારો અને શહેરી ક્ષેત્રોના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં વસતા ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોની આરોગ્ય સુખાકારી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. છેલ્લાં ૨૦ વર્ષો દરમિયાન ગુજરાતમાં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આરોગ્ય માળખું વધારે મજબૂત બન્યું છે. યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસિઝ એન્ડ રિસર્ચ સેન્ટર, ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલ્મોલોજી જેવી ગુજરાતની પ્રસિદ્ધ હોસ્પિટલોમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સારવાર મળી રહી છે. હવે વડાપ્રધાનના પ્રયાસો થકી રાજકોટમાં AIIMS જેવી અદ્યતન હોસ્પિટલનું પણ નિર્માણ થઈ રહ્યું છે, જે રાજ્યમાં ડબલ એન્જિન સરકારનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર લોકોને સારૂ આરોગ્ય આપવા માટે કટીબદ્ધ છે. રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્ર માટે ૧૨,૨૪૦ કરોડની માતબર જોગવાઈ કરી છે. શહેરી ક્ષેત્રોમાં આરોગ્ય સેવાઓ વધારે સુદ્રઢ કરવા સી.એચ.સી. અને પી.એચ.સી. માટે નવી ૧૨૩૮ ભરતી હાથ ધરાશે અને તેના માટે રૂપિયા ૧૬ કરોડની ફાળવણી કરી છે. આજે ગુજરાતમાં મેડીકલ ટુરિઝમનો વિકાસ થયો છે. તેની પાછળનું મુખ્ય કારણ આપણું મજબૂત આરોગ્ય માળખું છે. આપણા રાજ્યમાં કોરોના સમયે આપણે અનુભવ્યું કે આપણા આવા સક્ષમ આરોગ્ય માળખાને કારણે જ આપણે કોરોના જેવી મહામારીનો સામનો કરી શકવાની સાથે સાથે આપણે આવી અસરકારક સરકારી આરોગ્ય સેવાઓ થકી લોકો સુધી કોરોનાની રસી પહોંચાડી શક્યા છીએ.

## જન જન સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું અમલીકરણ

### ગ્રામ્ય આરોગ્ય

- વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં રાજ્યમાં ૨૦૫ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ૧૦૦૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત હતા જેની સામે હાલમાં ૩૪૫ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ૧૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે.
- રાજ્યમાં છેલ્લા ૨૦ વર્ષમાં ૧૪૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. તેમજ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૩૬૯ ફિઝિયોથેરાપિસ્ટ, ૩૬૯ ડેન્ટલ સર્જન વર્ગ-૨ અને ૧૪૨ એક્સ-રે આસિસ્ટન્ટની જગ્યાઓ ઉભી કરવામાં આવી છે.

### આરોગ્ય ક્ષેત્રને સુદ્દઢ કરવા બજેટમાં ૧૨,૨૪૦ કરોડની માતબર જોગવાઇ

### અર્બન હેલ્થ પ્રોજેક્ટ

- ૨૦૧૧ના સેન્સસ રિપોર્ટ પ્રમાણે ગુજરાત રાજ્યની શહેરી વસ્તી



૪૨.૬% થાય છે.
- ૨૦૧૩માં ભારત સરકાર દ્વારા નેશનલ અર્બન હેલ્થ મિશનનો અમલ થતાં, ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટને નેશનલ અર્બન હેલ્થ મિશનમાં સંકલિત કરવામાં આવ્યો, જેમાં દર ૫૦,૦૦૦ થી ૭૦,૦૦૦ ની વસ?તીએ ૧ અર્બન હેલ્થ સેન્ટર બનાવવામાં આવ્યું છે..
- રાજ્યમાં હાલમાં ૩૮૦ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (U-PHC) મંજુર થયેલ છે જે પૈકી ૩૩૮ કાર્યરત છે. અને ૪૦ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર (U-CHC) મંજુર થયેલ છે. જે પૈકી ૧૭ કાર્યરત છે.
- ગુજરાત રાજ્યમાં હાલ અંદાજિત ૧૦૧.૪૧ લાખ વસ્તી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસવાટ કરે છે, જે અંતર્ગત ઘર આંગણે



લાભાર્થીઓને આરોગ્યની સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ૫૭૩ દીન દયાળ ક્લિનિક કાર્યરત કરવા માટે બજેટ મંજૂર કરાઈ છે.

### પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટેશન યુનિટ (PIU)

- જી.એમ.ઈ.આર.એસ. સંચાલિત કુલ પાંચ નવીન મેડીકલ કોલેજની સ્થાપના. પ્રતિ કોલેજ ૧૦૦ એમ.બી.બી.એસ.ની બેઠકો માટે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂ ૨૨૫૦.૦૦ કરોડના અંદાજ છે. આ પાંચ કોલેજોમાં નવસારી, રાજપીપળા, ગોધરા , મોરબી અને પોરબંદરનો સમાવેશ થયો છે.
- રાજ્યમાં કુલ ૦૨ (બે) સુપર સ્પેશયાલિટી હોસ્પિટલ, સોલા-અમદાવાદ અને ગાંધીનગર ની કામગીરી માટે કુલ રૂ. ૯૮૫.૦૦ કરોડના કામો મંજુર કરાયા છે.
- રાજ્યમાં કુલ ૦૪ (ચાર) નવીન પ્રસૂતિ બાળ આરોગ્ય હોસ્પિટલો મંજૂર કરવામાં આવેલ છે.
- જામનગર અને સિવિલ હોસ્પિટલ-અમદાવાદ ખાતે સરકારી મેડીકલ કોલેજના કેમ્પસ ખાતે ૭૦૦ ગર્લ્સ માટે હોસ્ટેલની સુવિધા ની કામગીરી માટે કુલ રૂ. ૮૫.૩૮ કરોડના કામો મંજુર કરવામાં આવ્યા છે.
- ભાવનગર ખાતે ૬૦૦ ગર્લ્સ/બોયઝ માટે હોસ્ટેલની સુવિધા ની કામગીરી માટે કુલ રૂ. ૩૦.૦૦ કરોડના કામો મંજુર કરવામાં આવ્યા છે.
- સુરત ખાતે ૬૦૦ યુ.જી ગર્લ્સ અને ૬૦૦ યુ.જી બોયઝ માટે હોસ્ટેલ ની સુવિધા ની કામગીરી માટે કુલ રૂ. ૧૪૪.૯૮ કરોડના બાંધકામના કામો હાલ પ્રગતિમાં છે.
- રાજ્યમાં કુલ ૦૩ (ત્રણ) ૨૦૦ પથારી ની જીલ્લા- હોસ્પિટલો



મંજૂર કરવામાં આવી છે.
- જીલ્લા હોસ્પિટલ અને ૫૦ પથારીની આયુર્વેદ હોસ્પિટલ, મોડાસા, જી. અરાવલ્લી ખાતે રૂ. ૧૨૩.૯૯ કરોડના ટેન્ડર મંજુર કરી ને કામના વર્ક ઓર્ડર આપવામાં આવલ છે. અને આ બાંધકામ કામગીરી પ્રગતિમાં છે.
- હોસ્પિટલ અપગ્રેડેશન (૧૨૫ પથારીની સુવિધાવાળી) હેઠળ ભિલોડા ખાતેની હોસ્પિટલ અપગ્રડેશન માટેના કુલ રૂ. ૧૭ કરોડના કામો મંજૂરી હેઠળ છે.
- રાજ્યમાં કુલ ૦૨ (બે) ૧૦૦ પથારીની પેટા જીલ્લા હોસ્પિટલો ચિખલી, જી.નવસારી, અને અંજાર, જી. કચ્છ ખાતે રૂ. ૪૪.૧૩ કરોડના કામો મંજૂરી હેઠળ છે
- જુનાગઢ જીલ્લાના મણાવદર ખાતે ૭૫ પથારીની પેટા જીલ્લા હોસ્પિટલની કામગીરી માટે કુલ રૂ. ૨૦.૦૦ કરોડ મંજુર કરવામાં આવ્યા છે.
- હોસ્પિટલ અપગ્રેડેશન (૧૫૦ પથારીની સુવિધાવાળી) હેઠળ સંતરામપુર જીલ્લો મહીસાગર ખાતેની હોસ્પિટલ અપગ્રડેશન માટેના કુલ રૂ ૮.૦૦ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે.
- રાજ્યમાં કુલ ૦૨ (બે) આયુષ હોસ્પિટલની કામગીરી મંજૂર કરવામાં આવી છે.

### રાજ્યમાં મેડિકલ કોલેજો

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ભગરીથ પ્રયાસોના પરિણામે અત્યારે ૩૧ મેડિકલ કોલેજો છે. મેડીકલની સીટો માત્ર ૧૩૭૫ હતી. જેના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓએ ઉંચી ફી ભરીને અન્ય રાજ્યમાં ભણવા જવું પડતું હતુ. આજે રાજ્યમાં ૫૭૦૦ જેટલે એમબીબીએસની અને ૨૦૦૦ પી.જી.ની સીટ ઉપલબ્ધ છે. જેના કારણે હવે આપણાં દીકરા દીકરીઓને ગુજરાતમાં સારામાં સારૂં મેડીકલ શિક્ષણ મળે છે.આવનાર દિવસોમાં નવી આઠ જેટલી મેડિકલ કોલેજ શરૂ થવાની છે.

### ટેલી મેડિસીન

- બદલાતા યુગમાં આધુનિક સુવિધા અને ટેકનોલોજી સાથે રાજ્યના આરોગ્ય માળખાને મજબૂત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.
- રાજ્ય સરકારે આરોગ્ય સંસ્થાઓમાં ટેલી – રેડીયોલોજી, ટેલી –એ.આઇ.સી.યુ., ટેલી – મેડિસીન, ટેલી મેન્ટલ હેલ્થ જેવી સેવાઓ માટે ૨ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે,
- ટેલી મેડિસીન કન્સલ્ટેશન અંતર્ગત ૬૦ વર્ષથી વધુ વયના લોકોને ઘરે બેઠા લેબોરેટરી ટેસ્ટ સેમ્પલ કલેક્શન માટે ૫ કરોડ રૂપીયાની બજેટ જોગવાઈ કરી છે.

### જન જનને આરોગ્ય

- આ બધા સંકટોમાંથી ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને બહાર કાઢવા માટે, જન જન સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ PMJAY શરૂ કરી.
- જેના દ્વારા ગરીબ મધ્યમવર્ગના પરિવારને વર્ષે ૫ લાખ સુધીના આરોગ્ય ખર્ચનું સુરક્ષા કવચ મળ્યું છે.

### પીએમજેએવાય યોજના હેઠળ રાજ્યના ૮૬ લાખ પરિવારોને આવરી લેવાયા

- આ સમગ્ર વિશ્વની સૌથી મોટી આરોગ્ય સેવા પૂરી પાડતી યોજના છે. જે આપણા માટે ગર્વની વાત છે.
- આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે "મા અમૃતમ યોજના શરૂ કરી હતી. જે રાજ્યના લાખો નાગરિકો માટે આશિષ રૂપ નિવડી હતી
- ગુજરાત રાજ્યમાં આપણે PMJAY યોજના હેઠળ ૮૬ લાખ પરિવારોને આવરી લીધા છે.
- સાથે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ લોકોને સસ્તી દવાઓ ઉપલબ્ધ થાય તે માટે પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી પરિયોજનાને વેગવાન બનાવી છે.